અભિવાદન યાત્રા - મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મંગળવારે દિલ્હી ખાતે ભાજપના વરિષ્ઠ આગેવાનોની શુભેચ્છા મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા. ભાજપના વરિષ્ઠ અગ્રણી લાલકૃષ્ણ અડવાણી, ડૉ. મુરલીમનોહર જોષી અને પૂર્વ પ્રમુખ તથા કેન્દ્રીય પરિવહન મંત્રી નિતીન ગડકરીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આસારામ પ્રકરણમાં મુખ્ય સાક્ષી અમૃત પ્રજાપતિનું મોત

પ્રજાપતિએ ઘણી ચોંકાવનારી વિગત આપી હતી : રાજકોટમાં ૨૩મી મેના દિવસે અમૃતને ગોળી મારવામાં આવી હતી : છ શિષ્યોની વિરુદ્ધ પોલીસે કેસ કર્યો હતો

અમદાવાદ, તા.૧૦

આસારામ કેસ મહત્વના સાક્ષી રહેલા વૈદ્ય અમૃત પ્રજાપતિનું સવારે મૃત્યુ થઈ ગયું છે. રાજકોટમાં ગત ૨૩મી મેના રોજ તેમને ગોળી મારવામાં આવી હતી. બળાત્કાર કેસમાં આસારામ સંડોવાયા ત્યારે તેમના પૂર્વ સાધક અમૃત પ્રજાપતિએ આસારામ પર ઘણા આરોપો લગાવ્યા હતા. અમૃત પ્રજાપતિ એક સમયે આસારામની સાથે પડછાયાની જેમ સાથે રહેતા હતા. પરંતુ થોડા સમય બાદ તેઓ આસારામના વિરોધી બની તેમની સામે પડ્યા હતા. અમૃત પ્રજાપતિએ ઘણા ચેનલો પર એવો દાવો કર્યો હતો કે આસારામ અફીણનું સેવન કરતા હતા આ ઉપરાંત તેમણે આસારામને ઘણી છોકરીઓ સાથે આપત્તીજનક પરિસ્થિતિમાં જોયા હતા. તેમણે એટલે સુધી પણ કીધુ હતું કે આસારમ તેમની પાસેથી સેક્સવર્ધક દવાઓ પણ મંગાવતા હતા. જો કે અમૃત પ્રજાપતિ દ્વારા આસારામ પર લગાવવામાં આવેલા આરોપો આસારામના પુત્ર નારાયણ સાંઈએ ફગાવી દીધા હતા. નારાયણ સાંઈએ એ વખતે કહ્યું હતું કે અમૃત પ્રજાપતિને આશ્રમમાંથી કાઢવામાં આવ્યો હતો તેથી તે ખોટા આક્ષેપો કરી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અમૃત પ્રજાપતિ મૂળ વૈદ્ય હતા અને એક સમયે આસારામ આશ્રમના તેઓ પ્રથમ હરોળના પ્રમુખ વૈદ્ય ગણાતા હતા પરંતુ વખત જતા તેમને આશ્રમથી કાઢી દેવામાં આવ્યો હતો.

રાજકોટના ઓમશાંતિ આરોગ્ય ધામ ઋષિ ભવન ક્લીનીકમાં તેમના પર ૨૩મી મે ૨૦૧૪ના રોજ દર્દી બની આવેલા અજાણ્યા હિન્દીભાષી શખ્સે ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો જેમાં તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ આજે સવારે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

સુરતમાં ઓવરબ્રીજ તૂટી પડતાં ચારનાં મોત

નિર્માણહેઠળ ફ્લાયઓવરનો ભાગ તૂટી પડતાં જોરદાર અફડાતફડી : બચાવ અને રાહત કામગીરી જારી

સુરત,તા. ૧૦

સુરત શહેરમાં નિર્માણ હેઠળ

ફ્લાયઓવરનો એક ભાગ આજે

સવારે એકાએક તૂટી પડતાં ચાર લોકોનાં મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો દટાઈ ગયા હતા. આ બનાવમાં મૃત્યુ પામેલા લોકોના નાજીકના સંબંધીઓને બે લાખ રૂપિયાની સહાયતા આપવાની જાહેરાત કરાઈ છે જ્યારે ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરાઈ છે. જે લોકોના તમામ અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું છે તેવા લોકોને એક લાખ રૂપિયાની સહાયતા આપવામાં આવી છે. બનાવ બન્યાં બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટુકડી પણ ઘટનાસ્થળે પહોંચી હતી. સુરતનાં અઠવા લાઈન્સ વિસ્તારમાં નિર્માણ હેઠળ ઓવરબ્રિજનો ભાગ તૂટી પડતાં આ બનાવ બન્યો હતો. મજુરો કાટમાળ નીચે દટાયા હોવાનું હજુપણ જાણવા મળી રહ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ આજે સવારે ૮ વાગ્યાની આસપાસ ઓવરબ્રિજનો એક હિસ્સો તૂટી પડ્યો હતો. સવારનાં બનાવ બન્યો હોવાથી વધારે લોકો નીચે ન હતાં જેથી મોટી ખુવારીની દહેશત ટળી ગઈ છે. અંદાજે ૬૦૦ ટન વજનનો બ્રિજનો હિસ્સો ધડાકાભેર તૂટી પડ્યો હતો. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, બચાવ અને રાહત કામગીરી તુરંત જ હાથ ધરાઈ હતી. કાટમાળ નીચે ફસાઈ ગયેલાં લોકોને બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હજુપણ કાટમાળ હેઠળ લોકો ફસાયેલા હોવાનું જાણવા મળી રહ્યું છે જ્યારે બનાવ બન્યો ત્યારે ફ્લાયઓવર હેઠળ પાંચથી છ લોકો હતાં. કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવેલાં લોકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતાં જ્યારે ફાયર સહિત તંત્રનાં ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. મામલામાં તપાસનો આદેશ કરી દેવામાં આવ્યો છે. આ બનાવની ગંભીર નોંધ લઈને અન્ય અધિકારીઓ પણ બનાવનાં સ્થળે પહોંચી ગયા છે.સુરત શહેરમાં તાજેતરના દિવસોમાં એક પછી એક અનેક બનાવો સપાટી પર આવ્યા છે. સુરત શહેરમાં ગુનાઓના પ્રમાણમાં પણ હાલમાં વધારો થયો છે.

તલોદની આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ગૌરવ

તલોદ, તા.૯

ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા લેવામાં આવેલી બી.એડ. પરીક્ષાનું પરિણામ જાહેર થતા તલોદ સ્થિત કરમીપુરા ખાતે આવેલ આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. તમામ વિદ્યાર્થીઓ પાસ થતા કોલેજ સંકુલમાં આનંદ છવાયો હતો.

તલોદ સ્થિત કરમીપુરા ખાતે આવેલ આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ચાલુ વર્ષનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જેમાં તાલીમાર્થી કિર્તનસિંહ સોલંકી ૮૯.૪૪ ટકા સાથે પ્રથમ, પલકબેન પટેલ અને જૈમિનીબેન પટેલ ૮૮.૮૯ ટકા સાથે બીજા તેમજ જલ્પાબેન પટેલ ૮૮.૫૬ ટકા સાથે ત્રીજા સ્થાને આવ્યા હતા અને કોલેજ તેમજ ગામનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સિધ્ધી બદલ સંચાલક નિરવકુમાર બી.પટેલ આચાર્ય ડૉ. ઉષાબક્ષી તથા ડૉ. કિરણ કૌર, પ્રો. ડૉ. પ્રજ્ઞેશ કુમાર પંડયા અને અન્ય અધ્યાપકગણે તેજસ્વી તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

શબ્દાવલી - ૫૪૧૫

૧	૨		■	૩	૪	૫	૬
૭		■	૮				
૯		■	૧૦			■	
	■	■	૧૧		■	૧૨	■
૧૩	૧૪	૧૫	■	■	૧૬		
■	૧૭			૧૮	■	■	■
૧૯			■	૨૦		૨૧	૨૨
	■		૨૩		■	૨૪	

આડી ચાવી

૧. સમુદ્ર, સાગર (૩)
૩. ગુનો, વાંક (૪)
૭. શ્વાસ (૨)
૮. ધોધમાર (૫)
૯. બીક, ડાઉ (૨)
૧૦. એક પક્ષી (૩)
૧૧. નાશવંત (૩)
૧૩. નાશવંત (૩)
૧૬. પરિણામ (૩)
૧૭. મદીરાલય (૪)
૧૯. પાણીનું જામી જવું (૩)
૨૦. કલશોર, કલરવ (૪)
૨૩. મરી મીટવું, કુબરાન થવું (૨)
૨૪. તિરાડ (૨)

ઊભી ચાવી

૧. શરૂઆત કરવી (૫)
૨. ચમક, ચમકાટ (૩)
૩. અણબનાવ (૪)
૪. ગયે કે આવે તે ત્રીજ વર્ષે (૩)
૫. રાધિકા (૨)
૬. પૃથ્વી, ધરા (૩)
૮. એક શીખ સંપ્રદાય (૩)
૧૨. લોકો, જનતા, લોકસમુહ(૨)
૧૪. સસરા (૩)
૧૫. 'ફરાર' શબ્દ આડેઅવળો (૩)
૧૮. યશોમતિ, જશોદા (૩)
૧૯. પપ્પી, કીસ (૨)
૨૧. બખોલ, બોડ (૨)
૨૨. વાળની સેર (૨)

શબ્દાવલી ૫૪૧૪ના જવાબ

આડી ચાવી :- (૧) પોરબંદર (૫) લુઆ (૭) દરવાન (૯) નાસપત્તિ (૧૧) તાલી (૧૪) વાડી (૧૫) સોનપાપડી (૧૮) સાટાપાટા (૧૯) ડાઘ (૨૦) રાજગરો (૨૧) રસોઇગૃહ (૨૨) લાળ

ઊભી ચાવી :- (૧) પોકળતા (૨) બંદગી (૩) દર (૪) રવાના (૬) આપત્તિ (૮) નસવાડી (૧૦) પડી (૧૨) લીસોટા (૧૩) ગપાટા (૧૬) નપા (૧૭) નઘરોળ (૧૮) સાબર (૧૯) ડાગલા (૨૦) રાહ

પોલીસ સ્ટેશનનો શુભારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં અરજદારોની ફરિયાદોનું પણ ઝડપભેર નિરાકરણ ત્રણેક વર્ષ અગાઉ સરકાર દ્વારા જિલ્લામાં વધુ ત્રણ પોલીસ સ્ટેશન શરુ કરવાની મંજૂરી આપી હતી. જેને અનુલક્ષી જીલ્લા પોલીસ વડા દ્વારા બે વર્ષ પૂર્વે ચિલોડામાં નવું પોલીસ સ્ટેશન શરુ કરવામાં આવ્યું હતું. જગ્યાના અભાવે ઈન્ફોસીટી અને સાંતેજમાં નવા પોલીસ સ્ટેશન શરુ કરવાનું કામ અટવાયું હતું. આખરે આ મામલે નિર્ણય લઈ હવે પોલીસ સ્ટેશન ધમધમતા કરી દેવામાં આવ્યા છે. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન ખાતે આજે જીલ્લા પોલીસ વડા શરદ સિંઘલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, કોર્પોરેટરો, હદમાં આવતા તમામ સરપંચો તથા જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનનોના થાણા ઈન્ચાર્જોની ઉપસ્થિતિમાં આજે મંગળવારે સાંજે રેન્જ ડીઆઈજીપી રાજીવ રંજન ભગતના હસ્તે બંને નવા પોલીસ સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ઈન્ફોસિટીના નવા પોલીસ સ્ટેશન શરુ થતા તેમાં સમગ્ર ઈન્ફોસિટી વિસ્તાર ઉપરાંત ઈન્દ્રોડા, કુડાસણ, ધોળાકુવા, કોબા,નભોઈ, ભાટ, સુઘડ, રાયસણ, સરગાસણ સહિતના ન્યુ ગાંધીનગર વિસ્તારને સમાવવામાં આવ્યા છે. હવે સે-૭ પોલીસ સ્ટેશનની હદ માત્ર વાવોલ ગામ તથા સે-૧ થી ૧૫ સુધી જ સીમિત થઇ જશે. સે-૭ ખાતે આવેલા જુના પોલીસ સ્ટેશનને રીનોવેશન કરી તે સ્થળે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન કાર્યરત કરી દેવામાં આવ્યું છે. તેમાં એક પી.આઈ વાય. એમ. મિશ્રા, ૪ પી.એસ.આઈ તથા ૭૫ પોલીસ જવાનો ફાળવી દેવામાં આવ્યા છે. ઈન્ફોસિટી નવા પોલીસ સ્ટેશન નો સંપર્ક નંબર ૨૩૨-૩૬૧૬૧ છે. બીજી તરફ કલોલ તાલુકાના બે ભાગ કરીને ૨૭ ગામોનો સમાવેશ સાંતેજ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવ્યો છે. તેમાં એક પી.આઈ બી. એન. દવે, ૪ પી. એસ. આઈ, અને ૪૦ પોલીસ જવાનોને નિમણુંક આપી દેવાઈ છે.

સીસી રોડનું કામ પૂર્ણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જો કે ગામતળની બહારના ભાગમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવે તેવી લાગણી ધારાસભ્ય તેમજ કોર્પોરેટરો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ આ નીતિવિષયક બાબત હોવાથી આ અંગે વિચારણા બાદ નિર્ણય કરવામાં આવશે. જો કે હાલ નિયત કામગીરી મુજબ સી.સી. રોડ બનાવવાનું મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. શહેરી વિસ્તારના આ ગામોમાં ગટરલાઈનની ખૂટતી કામગીરી ઉપરાંત ગંદકી ઉલેચવા યોગ્ય સફાઈ વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઠવા પામી છે. ગાંધીનગર વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા પણ પેચીદી બનતી જાય છે. ગામોની ટોપોગ્રાફીના લીધે કેટલાક વિસ્તારમાં પાણી અને ગટરલાઈનનું કામ તંત્ર માટે મુશ્કેલ બન્યું છે. જો કે પાણીની પોકારને ડામવા તંત્ર દ્વારા નવો બોર બનાવવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં પાણીનો નવો બોર બનાવવાની કામગીરી પણ હાથ ધરાશે. જેના પરિણામે ગામડાઓમાં પાણીનો પ્રશ્ન પણ હવે ટૂંકમાં હલ થશે તેવી આશા બંધાઈ છે.

'અચ્છે દિન આયે...'

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી આ આખા સોફ્ટવેરના નિર્માણની કામગીરી કરી હતી.

આ સોફ્ટવેરથી બાળકોમાં શિક્ષણ પ્રત્યેની અભિરૂચી પણ વધે છે. બાળકોને દેશ્ય-શ્રાવ્યથી ભણવાની મઝા આવે છે. તેમણે જણાવ્યું કે જમીયતપુરાની શાળા ગુણોત્સવમાં 'ડી' ગ્રેડમાં હતી તે છેલ્લા મૂલ્યાંકનમાં બી-૧ ગ્રેડમાં આવી છે તેજ પુરાવો છે કે બાળકોની અભિરૂચીમાં કેટલો વધારો થયો છે.

તેમણે જણાવ્યું હતુ કે જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી રાઠોડ દ્વારા સતત પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતુ રહ્યું છે. ૧૨મીએ રાજપુરમાં વસુબેન આ સોફ્ટવેરનું લોકાર્પણ કરશે તો ૧૩મીએ કેન્દ્રના રાજ્યમંત્રી સ્મૃતિ ઈરાની આ સોફ્ટવેરનું લોકાર્પણ કરશે.

સ્મૃતિ ઈરાની કુડાસણ આવે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉચ્ચત્તર પ્રા. શાળામાં રંગરોગાનની સાથે સાથે બાળકો માટે એબીસીડી લખેલા અને ગુજરાતી કક્કો બારાખડી લખેલા માઈલ સ્ટોનથી વિશેષ માર્ગ બનાવવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ પ્રા. શાળાના કેમ્પસમાં બાળકોને રમત-ગમત માટે મિલ્ટ્રીવોલ તેમજ એમ.પી. થિયેટરની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગામના રસ્તાઓની સફાઈ અને ગામમાં સુંદર પ્રવેશદ્વાર બનાવી મહેમાનોનુ અતિથિ સત્કાર કરવા માટે ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કુડાસણ ગામમાં હાલ તો અધિકારીઓની મુલાકાતો વધી ગઈ છે. આ ઉપરાંત શિક્ષણ પ્રેમીઓ પણ શાળાના કેમ્પસની મુલાકાતે જઈ રહ્યા છે.

પ્રા. શાળાના કેમ્પસમાં જ પ્રવેશોત્સવ માટે વિશેષ સ્ટેજ પણ બનાવવામાં આવનાર છે.

કેન્દ્રીય મંત્રીશ્રી સાથે સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ અને આજ ગામના વતની શ્રીમતિ હીનાબેન પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે. શાળા પ્રવેશોત્સવને પગલે ગામમાં પ્રવેશતા માર્ગને માટીકામથી વાઈડનીંગ કરવાની કામગીરી આજે સાંજ સુદીમાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

વિશેષ ઝુંબેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગામના નમૂના નંબર-૬, ૭-૧૨ અને ૮-અ માં પણ એન્ટ્રીઓ પડી જાય અને વારસાઈના કેસોનો નિકાલ થાય તે જોવા જણાવ્યું છે.

મહેસુલ વિભાગે તલાટી મંડળની રજુઆતોને ધ્યાને લીધા બાદ જરૂરી રક્ષણની આપેલી ખાત્રી અને હવે આ વારસાઈ ઝુંબેશ હાથ ધરવાના કરેલા નિર્ણયથી લોકોને ચોક્કસ રાહત થશે તેમ મહેસુલ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

ધામધૂમથી લગ્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રસ્ટના સંચાલિકા પ્રતિભાબેન પંડ્યા દિકરીના લગ્ન જીવન અંગે અને તેના ભવિષ્યને ધ્યાનમાં રાખી મુરતિયાની શોધખોળ શરૂ કરી હતી અને થોડા દિવસ તેમની શોધનો અંત આવ્યો ને દિકરીને એન્જીનીયર છોકરો જોવા આવ્યો ને... ગોળ ધાણા વેચાયાને સગાઈ નક્કી થઈ...

જોતજોતામાં દીકરીને દિકરાના પરિવારજનો ભેગા થયા ને રેશ્મા અને સતિષના લગ્નની તિથિ નક્કી થઈ. અને ગોર મહારાજે તા. ૧૦મી જૂન-૨૦૧૪નું શુભ મુહૂર્ત કાઢ્યું. આજે ધામધૂમ અને હર્ષોલ્લાસપૂર્વક લગ્નના માંડવે દીકરીના સાસરીયાવાળા વરરાજાની વાજતે ગાજતે જાન લઈ આવ્યા હતા. અંદાજે બસો જાનૈયા જાનમાં જોડાયા હતા અને લગ્ન વિધિ શરૂ થઈ અને દિકરાને દિકરી અગ્નિની સાક્ષીએ દાંપત્યજીવનની મજબૂત દોરે બંધાયા હતા.

દીકરીને પિયરીયા એટલે કે ટ્રસ્ટ અને દાતાઓ તરફથી કરીયાવર પણ કરવામાં આવ્યું હતું. જેમાં દીકરીને ૨૫ જોડી કપડાં, સોનાની ૩ ચેન, બે જોડી સોનાની બુટ્ટી, પગની ઝાંઝર, નથ, અન્ય દર-દાગીના, પોસ્ટલ સર્ટીફિકેટ, રોકડ રકમ વગેરે ભેટ સોગાત આપવામાં આવી હતી. આ અનોખા લગ્ન પ્રસંગે માતા-પિતા વગરની રેશ્માને ઉપસ્થિત સૌ કોઈએ માતા-પિતા બની નમ આંખો સાથે બાના ઘરેથી સાસરે વળાવી હતી.

કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ આ અગાઉ પણ ૪ અનાથ દીકરીઓને સાસરે વળાવી સમાજ સેવાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ઉપરાંત ટ્રસ્ટ દ્વારા બેટી બચાવો, મહિલા જાગૃતિ, મહિલા શિક્ષણ શિબિર વગેરે જેવી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. તેમજ હાલ પણ આ ટ્રસ્ટમાં ૧૮ જેટલી બહેનોને તેમજ ચાર બાળકોને સાચવવામાં આવે છે.

આ લગ્ન પ્રસંગે દાતા અને માનવ કલ્યાણ ટ્રસ્ટના નરેન્દ્રભાઈ પ્રજાપતિ, નિલાબેન મનોજકુમાર વડોદરીયા, ગુજરાતી કલાકાર વૈભવીબેન ભટ્ટ, યોગેશભાઈ નાયી, ચિમનભાઈ પટેલ, શ્રેયસ ફાઉન્ડેશનના સભ્યો સામાજિક સંસ્થાના આગેવાનો ટ્રસ્ટના સંચાલક પ્રતિભાબેન પંડ્યા, ટ્રસ્ટના સભ્યો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉકળાટ વધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત હવામાં ભેજનું પ્રમાણ સામાન્યથી વધુ રહેતા લોકોએ અસહ્ય બફારો સહન કરવો પડયો હતો. જો કે રાજયના કેટલાક વિસ્તારોને કદાચ છુટાછવાયા ઝાપટાથી ગરમીમાં આંશિક રાહત મળશે તેવું અનુમાન હવામાન ખાતાએ વ્યકત કર્યુ છે.

રવિવારે ૪૪.૮ ડીગ્રી સાથે સુરેન્દ્રનગર રાજયનું સૌથી ગરમ શહેર બન્યું હતું. આ ઉપરાંત રાજયના વિવિધ શહેરના મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની આસપાસ રહેતા લોકોએ બપોરના સમયે કાળઝાળ ગરમીનો સામનો કરવો પડયો હતો. અમદાવાદમાં બપોરના સમયે તાપમાનનો પારો વધી ૪૪.૪ ડીગ્રીએ પહોંચી જવા સાથે ફુંકાયેલા ગરમ અને સુકા પવનથી બચવા માટે લોકોએ ઘરમાં જ પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યું હતું. જો કે મોડી સાંજે ઠંડો પવન ફુંકાયો હતો અને રાત્રે વાતાવરણ ઠંડુ પડતા લોકો રજાની મજા માણવા રોડ પર ઉતરી આવ્યા હતા.

ચકાસણી હાથ ધરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રીમોન્સીન એક્ટીવીટીના ભાગરૂપે શહેરના સેક્ટરોમાંથી પાણીના નમુના લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. સેક્ટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા તંત્ર દ્વારા વિવિધ વિસ્તારમાંથી પાણીના નમુના એકત્રિત કરવાનું અભિયાન હાથ ધરાશે. જેના અંતે સેક્ટરોમાંથી લેવાયેલા પાણીના સેમ્પલોમાં કલોરીનેશન ઉપરાંત અન્ય જરૂરી તત્વો સપ્રમાણ છે કે કેમ તે અંગે પણ ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત સેક્ટરોમાંથી લેવાયેલા આ પાણીના નમુના કેમિકલ અને બેક્ટેરોલોજીકલ ટેસ્ટ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે. છેલ્લા દોઢ મહિનાથી ગરમીની સિઝને કાળો કેર વર્તાવ્યો છે ત્યારે પાણીના વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આવા સંજોગોમાં વરસાદી ઋતુને ધ્યાને લઈ શહેરમાં સંભવિત રોગચાળાને ઉગતો ડામવા તંત્ર દ્વારા તૈયારીઓ શરુ કરી જરૂરી પગલા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સારા વરસાદની શક્યતા

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

જૂન તારીખ ૧૦ થી ૧૨ દરમ્યાન કેરળથી ચોમાસુ આગળ વધે. પશ્ચિમ સાગર તેમજ રાજ્યના ભાગોમાં પવન ફુંકાશે. ભારે બફારા અને ઉકળાટ વચ્ચે ૧૫ મી જૂન સુધીમાં રાજયમાં મહદ ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૧ ડિગ્રી સેલ્શિયસ કે તેથી ઓછુ થઈ શકે અને આ ગાળામાં ગુજરાત સૌરાષ્ટ્ર દરિયા કિનારાના ભાગોમાં અને કેટલાક અંદરના ભાગોમાં પણ આંધી વંટોળ સાથે વરસાદની વકી રહે. ઈશાની વિજળી ચમકશે તો ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદની વકી રહેશે. જો કે આ નિયમિત ચોમાસુ ના ગણાય પરંતુ જુલાઈમાં સારા વરસાદની શક્યતા રહેશે. તારીખ ૨૦ જૂન સુધીમાં દરિયાઈ પટ્ટીમાં વરસાદના સંજોગો રહે પરંતુ હિમચાદરોની અસરો ના જોવા મળતા નિયમિત ચોમાસુ મોડુ રહેશે. જો કે જુલાઈ ઓગષ્ટમાં સારા વરસાદના સંજોગો રહે.

જાહેર નિવિદા

સરકારી પોલીટેકનીક સે.૨૬, ગાંધીનગર ખાતે કેન્ટીન ચલાવવા માટેના અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડરો સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોમાં ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક વચ્ચે તા. ૧૦/૬/૨૦૧૪થી ૧૮/૬/૨૦૧૪ સુધીમાં રૂ. ૫૦૦/- રોકડા ટેન્ડર ફીના ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૨૦/૬/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

આચાર્ય
સરકારી પોલીટેકનીક
સે.૨૬, ગાંધીનગર

માહિતી/૩૩૯/૧૪-૧૫